Seat No.: | | | | | | | |

Sl. No. : **489354**

# 001(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ અને 76 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
2) દરેક પ્રશ્નના અલગ - અલગ ગુણ છે. જેને જમણી બાજુના અંકમાં મૂકેલા છે.
3) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુદ્ધિ, હાંસિયા તેમજ સ્વચ્છતા અંગે વિશેષ ધ્યાન આપવાનું રહેશે.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[4]**

1) 'ઊર્મિલા' કાવ્યનો પ્રકાર જણાવો.

2) 'ભાણી' કાવ્યના રચયિતાનું નામ જણાવો.

3) 'છેલ્લું દર્શન' (આસ્વાદ) કાવ્ય શામાંથી લેવામાં આવ્યું છે ?

4) આખ્યાનકાર પ્રેમાનંદ શાનું સન્માન પામ્યા છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. દરેકનો 1 ગુણ છે.** **[4]**

5) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?

6) 'રામબાણ' શબ્દનો અર્થ જણાવો.

7) ગોપી કયો નિયમ લે છે ?

8) ઓલિયો આદમી શા માટે થંભી ગયો ?

■ **નીચે આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં ઉત્તર આપો. દરેકના 2 ગુણ છે.** **[4]**

9) 'કાચના કમાડ' શબ્દ દ્વારા નાયિકાની શી વેદના પ્રગટી છે ?

10) બા આખા કુટુંબનો ખ્યાલ કેવી રીતે રાખતાં ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. દરેકના 4 ગુણ છે.** **[8]**

11) ઊર્મિલા' ખંડકાવ્યના આધારે ઊર્મિલાનું ચરિત્રચિત્રણ કરો.

12) દેવોએ નળ અને દમયંતીને પ્રસન્ન થઈને કયા કયા વરદાન આપ્યા ?

**અથવા**

'જુઓ' ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન કરાવો.

## વિભાગ - B (ગદ્યકૃતિ આધારિત)

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[4]**

13) 'દેવરાજ'નું પાત્ર કઈ કૃતિમાંથી લેવામાં આવ્યું છે ?

14) 'સત્યાગ્રહાશ્રમ' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

15) 'મા'ત્માના માણસ' કૃતિના લેખકનું નામ જણાવો.

16) 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' પાઠ શામાંથી લેવામાં આવ્યો છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[4]**

17) ભોજો કઈ વાતથી દુઃખી હતો ?

18) સયાજીરાવ ગાયકવાડે ઘરે આવીને રાણીને શું કહ્યું ?

19) બેંક માલિક કેટલું જોખમ ઉઠાવવા તૈયાર થયો ?

20) પ્રભાશંકરે પોતાનું રાજીનામું શા માટે આપ્યું ?

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. દરેકના 2 ગુણ છે.** **[4]**

21) સેલ્વી પંકજમ્ નાયકનું સ્વાગત કેવી રીતે કર્યું ?

22) ઉછીનું માગનારની નજર કેવી છે ? શા માટે ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેકના 4 ગુણ છે.** **[8]**

23) 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' વાર્તાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

24) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.

**અથવા**

લેખકે ઈશ્વરની સર્વવ્યાપકતા અને એકરૂપતા કયા કયા દૃષ્ટાંતો આપી વર્ણવી છે ?

## વિભાગ - C (પાઠ્યપુસ્તક આધારિત વ્યાકરણ)

■ **નીચેના શબ્દોને સમાનાર્થી રૂપે સામસામે જોડીને લખો. ગમે તે ચાર - દરેકનો ½ ગુણ છે.** **[2]**

25) સ્નિગ્ધ - ભરતી - અર્વાચીન

26) મનોહર - પ્રકૃતિ - પ્રવાહ

27) સાંપ્રત - મનમોહક - સ્વભાવ

28) તાસીર - સુંવાળું - સુંદર

29) જુવાળ - વર્તમાન - કોમળ

■ **નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. કોઈપણ ચાર, દરેકનો ½ ગુણ છે.** **[2]**

30) આ તો ગૌણ ભાષા છે.

31) અમે ત્રણે ઘોડે સવારીની આવડતવાળા હતા.

32) હું શાંતિનો દાવ ખેલવા બેઠો છું.

33) તેઓ ઘરમાં બેઠાં હશે.

34) એમાં સાચી રાષ્ટ્રભક્તિ હતી.

■ **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. કોઈપણ ચાર, દરેકનો ½ ગુણ છે.** **[2]**

35) નીલા રંગનો મણિ

36) કાનમાં પહેરવાનું એક ઘરેણું

37) સમુદ્રમાં લાગતો અગ્નિ

38) દરબારી કે મુસલમાની વિવેકમાં વપરાતો ઉદ્‌ગાર

39) સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર

■ **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો. દરેકનો ½ ગુણ છે.** **[1]**

40) બચળાં

41) હામ

■ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. દરેકનો ½ ગુણ છે.** **[1]**

42) સુતપૂત્ર

43) દીશાશુન્ય

અથવા

હુડી

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. કોઈપણ છ, દરેકનો ½ ગુણ છે.** **[3]**

44) મેં ખાધો તે લાડુ મોટો હતો. (વાક્યમાંથી વિશેષણ શોધીને લખો.)

45) તમે જ મારી સાથે આવશો. (નિપાત શોધીને લખો.)

46) વાંચનારા પાસ થઈ જવાના છે. (કૃદંતનો પ્રકાર લખો.)

47) કોઈ કહેતું હતું કે છોકરો મરેલો ..... જન્મ્યો હતો. (પાઠમાં આવતા વાક્યના આધારે નિપાત લખો.)

48) ઉછીનું માગનારાઓની નજર ........ જેવી હોય છે. (પાઠમાં આવતા વાક્યના આધારે વિશેષણ શોધીને લખો.)

49) સુખડીમાં ઘી રેડી-રેડી બા સહુને ખવડાવે. (વાક્યમાંથી કૃદંત શોધો)

50) તે સ્થળેથી ......... અમને મન થતું ન હતું. (પાઠના આધારે ખાલી જગ્યામાં કૃદંત મૂકી લખો.)

■ **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. દરેકનો 1 ગુણ છે.** **[2]**

51) થોથવાઈ જવું

52) હવાઈ કિલ્લા બાંધવા

અથવા

પગ મણમણના થઈ જવા

**નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. દરેકનો 1 ગુણ છે.** **[3]**

53) આમાં એ લોકોનો પણ કોઈદોષ નહોતો (લેખનરૂઢિ સુધારો).

54) નદીતટે કિનારે અમરનાથના જાત્રાળુઓ માટે છાપરાં બાંધેલાં છે (વાક્યમાં ભાષા શુદ્ધ કરો).

55) મારતે વરસતે વરસાદે અને ધોધમાર ઘોડે અમે પહાલગામ પહોંચ્યા (વાક્યનો પદક્રમ ગોઠવો).

અથવા

આજે એક વિશાળ વડના ઘટા નીચે ધર્મશિક્ષણનો વર્ગ બેઠો છે (વાક્યમાં પ્રત્યય સુધારો).

■ **નીચેના સંયુક્ત - સંકુલ વાક્યોને સાદા વાક્યોમાં ફેરવીને લખો. કોઈપણ બે, દરેકનો 1 ગુણ છે.** **[2]**

**56)** આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન હતો, પણ તેના પુત્ર શ્વેતકેતુને ભણવું ગમતું નહિ.

**57)** દેવરાજ કેમ્પના સ્ટેશને ઊતર્યો ત્યારે સૌ પહેલાં એની બાની યાદ આવી.

**58)** પાણીને ચમચીથી વચ્ચેથી લઈ ચાખી જો કે કેવું લાગે છે ?

■ **નીચેના સાદા વાક્યોને સંયુક્ત - સંકુલ વાક્યોમાં ફેરવીને લખો. કોઈપણ બે, દરેકનો 1 ગુણ છે.** **[2]**

**59)** મહેનતું ખેડૂતોના હાથ રોજરોજ ફરતા હતા. ક્યાંય વાંકોચૂકો છોડ કે નીંદામણ દેખાતું નહોતું.

**60)** રાતે સીમની અવરજવર બંધ થઈ ગઈ. સોપો પડી ગયો. ભોજાએ એ જીવનસૂત્ર અમલમાં મૂક્યું.

**61)** અમે ત્રણે ઘોડેસવારીની આવડતવાળાં સરસ પાણીદાર ઘોડા લઈ લીધા.

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ **નીચેના પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. દરેકનો 1 ગુણ છે.** **[5]**

અમે રે સૂકું રૂનું પૂમડું;
  તમે અત્તર રંગીલા રસદાર:
તરબોળી દ્યોને તરિતારને,
  વીંધો અમને વ્હાલા, અપરંપાર;
  આવો, રે આવો હો જીવણ આમના.
અમે રે સૂના ઘરની જાળિયું,
  તમે તાતા તેજના અવતાર;
ભેદીને ભીડેલા ભોગળ - આગળા,
  ભરો લખ લખ અદીઠા અંબાર;
  આવો, રે આવો હો જીવણ, આમના.

અમે રે ઊધઈ - ખાધું ઈંધણું,
    તમે ધગ ધગ ધૂણીના અંગાર,
પડેપડ પ્રજાળો વ્હાલા, વેગથી,
    આપો અમને અગનના શણગાર;
    આવો, રે આવો હો જીવણ, આમના.

- મકરંદ દવે

**પ્રશ્નો :**

**62)** આ કાવ્યમાં 'જીવણ' શબ્દ કોને માટે વપરાયો છે ?

**63)** જીવણને કયા - કયા રૂપક આપવામાં આવ્યાં છે ?

**64)** આ કાવ્યમાં કવિએ પોતાની કઈ ઊણપો દર્શાવી છે ?

**65)** કવિ 'જીવણ'ને શી આજીજી કરે છે ?

**66)** કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના પાઠ્યેતર ગદ્યખંડને આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. દરેકનો 1 ગુણ છે.** **[5]**

'ગાંધીજીના જીવનનું ધ્યેય આત્મસાક્ષાત્કાર કરવાનું અને ઈશ્વરને મોઢામોઢ જોવાનું હતું. તેઓ સત્ય એ જ ઈશ્વર છે એમ માનતા હતા. તેઓ જીવનની બધી જ પ્રવૃત્તિઓની પેઠે કલાવિષયક પ્રવૃત્તિને પણ એક કસોટી લાગું પાડતા હતા કે એ પોતાના જીવનધ્યેયને સિદ્ધ કરવામાં ઉપકારક થાય છે કે અપકારક અને તે મુજબ તેનું મૂલ્ય આંકતા હતા. આથી સ્વાભાવિક રીતે જ કલાની બાબતમાં પણ તેઓ માનતા હતા, કે જે આત્મ-એકતા કરાવી શકે તે કલા નથી !'

**પ્રશ્નો :**

**67)** ગાંધીજીના મતે જીવનનું ધ્યેય શું હતું ?

**68)** ગાંધીજીની ઈશ્વર વિશે શી માન્યતા હતી ?

**69)** 'ઉપકારક' એટલે શું ?

**70)** ગાંધીજી કલાની બાબતમાં શું માનતા હતા ?

**71)** આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો. [5]

72) વિદ્યાર્થી જીવનમાં જો કંઈ સિદ્ધ કરવા જેવું તત્ત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે જીવવાની કળા હસ્તગત કરે છે, તેને સાધનો તથા સગવડની ઊણપ વિશે ફરિયાદ કરવાપણું હોતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, જેટલી અને જેવી સગવડ હોય, તેનો એવી સજીવકળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. તે વણમાગી આવી ઊભી રહે છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશાં આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી એવી ફરિયાદ કર્યા જ કરે છે અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેને મૂલ્ય સમજાતું નથી, કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કલા ધરાવતો નથી.

■ 73) નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો. [5]

'મોટા કંઈ માંદાસાજા તો નહીં હોય ?' 'કેમ આમ ?' એ વિચારોમાંથી મુક્ત થઈને બાનું અશ્રુભીનું સ્વાગત માણવા જેવો એ ઘર આગળ આવીને ઊભો કે ડેલીનું ભારેખમ ખીલા જડેલું કમાડ કિચૂડ કિચૂડ કરતું બંધ થઈ ગયું. ધક ધક થતા કાળજે મણિભાઈ આગળ વધ્યો. ઘર પાસે પહોંચતા પહોંચતામાં તો એને કેટલાયે વિચાર આવી ગયા.

## વિભાગ - E (લેખન સજ્જતા)

■ 74) વધુ પડતા વરસાદને કારણે તમારા વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધ્યું છે તે દૂર કરવા માટે તમારા વિસ્તારના આરોગ્ય અધિકારીને અરજી કરો. [5]

■ 75) નીચેના ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. [5]

'મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરી કે માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં આવ્યો છું ! થોડા વેરાન, થોડા શહેરિયા, પણ વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે ? આદર્શની ઘેલછામાં, લાગણીઓના ઊભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઈ ગયુંને મારાથી ?'

અથવા

**નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી 70-80 શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.**

નહિવત્ વરસાદ - આકાશીયા ખેતી - ખેડૂત બેહાલ - જગતના ઘડવૈયાને ઉદ્ગારો - પરમાત્માને આજીજી - ધીરજ - નવી આશા.

■ **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

**76) દીકરી ઘરની દીવડી**

**અથવા**

**દીકરી બચાવી કરો ઉદ્ધાર**

સમાજનું વલણ - દીકરા અને દીકરીની પ્રકૃતિ - પિતાની વ્હાલી દીકરી - સ્ત્રી-ભ્રૂણની હત્યા - અને સ્ત્રી-પુરુષ પ્રમાણમાં અસમતુલા - ચેતવણીની ઘંટી - જાગૃતિની જરૂર - ઉપસંહાર

**અથવા**

**શરદપૂર્ણિમાની રાત**

પ્રસ્તાવના - શરદપૂર્ણિમાની રાતનું વાતાવરણ - ગરબા મહોત્સવ - શરદપૂર્ણિમાની રાતનું પ્રાકૃતિક સૌંદર્ય - લોકોનો ઉત્સાહ - ઉપસંહાર

**અથવા**

**પ્રવાસનું મહત્ત્વ**

પ્રસ્તાવના - જીવનઘડતરમાં પ્રવાસનું સ્થાન - પ્રત્યક્ષ જ્ઞાન - સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - સામૂહિક જીવનનો અનુભવ અને ખીલવણી - સાહસિક વૃત્તિનો વિકાસ - ઉપસંહાર

◆◆◆